# 'નિયાંપો'


**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૫ અંક : ૧૮૦

પ્રમુખ

**ધનજી લખમશી સાવલા**

(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી

**અમૃતલાલ ભાણજી નિસર**

(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક

**અરવિંદ કેશવજી છેડા**

ફોન : ૨૭૫૬૧૯૦૬, ૬૫૫૦૧૯૦૬

મો. ૯૩૯૧૦ ૦૭૨૭૭

સહ–સંપાદકો

**હંસકુમાર સાયલા**

ફોન : ૨૭૫૬૨૫૪૫, ૬૬૩૬૨૫૪૫

**વસંત પ્રાગજી શાહ**

ફોન : ૬૬૪૬૮૬૧૭, ૯૨૪૬૧૮૮૬૧૭

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન

૩–૫–૧૪૨, ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

www.asanjokutch.com

*મુદ્રક*

**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,

હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કીમત – રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

વૈશ્વિક આર્થિક મંદીના બીજા તબક્કાએ યુરોપનાં રાષ્ટ્રોને ભીષણ ભરડામાં લીધાં છે. પોર્ટુગલ, ઈટાલી, ગ્રીસ અને સ્પેન ભારે કરજનાં ઊંડા કાદવમાં ખૂંપી ગયા છે. બેફામ અને બેકાબુ નાણાંવ્યયનાં કારણે આ રાષ્ટ્રો નાદારી નોંધાવવાને આરે ઉભાં છે. એમને ઉગારવા, જર્મની અને ફ્રાંસની સમર્થ કોશિષ નાકામ રહી છે. ભારતનાં નિકાસકારોને જબરો ફટકો સહેવો રહ્યો.

ત્યારે, ભારતની અને વિશેષ કરીને, સ્વર્ણિમ જયંતિ ઉજવતા ગુજરાત રાજ્યની, ઉડીને આંખે વળગે એવી સર્વાંગી પ્રગતિ અત્યંત પ્રોત્સાહિક તથા જગતભરનાં રોકાણકારોને સાનુકૂળ બની આકર્ષી રહી છે. સાથેજ, વિશ્વનાં વિકસિત રાષ્ટ્રોની હરોળમાં ઉભા રહેવા જગા કરતી નજરે પડે છે.

વાર્ષિક પરીક્ષાઓનાં પરિણામ જાહેર થયાં છે. આ વર્ષે, પરીક્ષા સમયે પ્રતિકૂળ પરિસ્થિતિઓનાં કારણે, વિદ્યાર્થીઓ અને વાલીઓને ઘણું સહેવું પડયું છે. ઉત્તિર્ણ થયેલ સૌ વિદ્યાર્થીઓને તથા તેમના પરિવારને ઘણાં અભિનંદન, વર્ષો પહેલાં, શાળાંતે, આગળનાં શિક્ષણ માટે, વિદ્યાર્થીઓને, આર્ટસ્, કોમર્સ અથવા સાયંસમાંથી એક ક્ષેત્રની પસંદગી કરવી પડતી. એ યુગને પાછળ મૂકીને, અત્યારે આ દરેક ક્ષેત્રમાં અનેક વિવિધાઓ ઉપલબ્ધ છે. તેથીજ, Carrier options માટે યોગ્ય ક્ષેત્રની પસંદગી કરવા જરૂરી માર્ગદર્શન આપતાં work-shops અથવા Seminarનું આયોજન શિક્ષણ સમિતિ કરશે.

સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦માં વર્ષભરનાં કાર્યક્રમનાં ઉપલક્ષમાં, આગામી આષાઢ શુક્લ બીજ એટલે કચ્છી નૂતનવર્ષની ઉજવણીથી કરશું. સમય સમયે બિજા કાર્યક્રમો યોજાશે.

Global Warmings નાં તીવ્રપરિણામોએ ભારતભરમાં ગરમીનો પ્રકોપ ઉગ્ર બનાવ્યો છે. હવે તો સમયસરનાં શ્રીકાર વરસાદની શુભકામના ભારતવર્ષનાં કલ્યાણાર્થે કરીએ.

''શાન્તીવન સમિતિ'' આયોજીત વડિલો માટેની નિબંધ સ્પર્ધા

**''મારા જીવનનો અવિસ્મર્ણીય પ્રસંગ''**

મોકલવાની છેલ્લી તારીખ ૩૧ મે ૨૦૧૦ ચુકશો નહીં

વધુ વિગત માટે સંપર્ક કરો :

**હંસકુમાર સાયલા, સંચાલક, ફોન ૬૬૩૬ ૨૫૪૫**



# સંપાદકીય

સંપાદક : અરવિંદ કેશવજી છેડા
સહસંપાદકો : હંસકુમાર સાયલા, વસંત પી. શાહ

માણસે જીવન જ એવું બનાવવું જોઇએ કે એ ધર્મ બની જાય. જીવન ને ઝરણાંની જેમ વહેતું રાખવા માટે સુખની સાથે થોડા દુઃખ ની પણ જરૂરત રહે છે. જીવન મા દુઃખ નહીં રહે તો એકલા સુખથી પણ માણસ ત્રાસી જશે. સુખ ની કોઈ કિંમત નહીં રહે, તે કોડીનું બની જાશે. જીવનમાં સંતોષ જરૂરી છે તેમ સાથે આનંદ પણ હોવો જરૂરી છે. જીંદગીમાં કશું મળ્યું નથી, મળી શકે તેમ નથી તો સંતોષ અનુભવો પરંતુ અંદરખાને ગ્લાની રહેશે. સંતોષ ની સાથે આનંદ રહેશે તો પ્રાપ્તિ મા અને તેના અભાવમાં પણ સુખ નો અનુભવ કરી શકીશું. મોહ અને આસક્તિ પણ આપણા દુઃખનું કારણ છે. મોહ નો અર્થ છે આપણને આપણામા નહીં પરંતુ બીજી કોઈ વસ્તુમા જીવી રહ્યા છીએ. કોઈને પુત્રમાં, કોઈને પત્નિમાં, કોઈને તિજોરી પર કે કોઈને પદ માં મોહ રહેલો હોય છે. જેના પ્રત્યે મોહ હોય તેના પર માણસ આસ્કત બની જાય છે. કોઈની તિજોરી લુંટાઈ જાય કે કોઈની ખુરશી ખેંચાઈ જાય તો મોહનો વશ થયેલો તે માણસ ખતમ થઈ જાશે. કારણ કે તેમાં તેનો જીવ ચોંટેલો હતો. કોઈપણ વસ્તુ પર પકડ રાખો નહી, કોઈપણ વસ્તુ ને જકડી રાખશો અને તેને ગુમાવવાનો વારો આવશે ત્યારે દુઃખ અને પિડા નો પાર નહીં રહે.

માનથી માનવી વચ્ચે ભેદ ઊભો કરનારા ત્રણ મુખ્ય બળો છે. ૧. મમત્વ ૨. આસક્તિ ૩. તૃષ્ણ. માણસ કોઈ પણ ચીજ પર વધારે આસકિત રાખે છે, એને મેળવવાની ઈચ્છા રાખે છે ત્યારે તે પોતાને દુઃખની ગર્તા માં, અશાંતિ મા ધકેલી દે છે. એક ઈચ્છા પુરી થાય ત્યાં બીજી ઈચ્છા ઊભી થવાની. બીજા પાસે કાંઈ હોય તેના કરતાં અધિક મેળવવાની ઇચ્છા રાખે ત્યારે સંસાર ની સમતુલા ડગવા માંડે છે.

માણસે પ્રભુ–પરમાત્મા પર અધિક અવિચલ શ્રદ્ધા રાખવી જોઈએ. મંગલ કામના જ માણસના વિશ્વાસ ને મજબુત કરી શકે છે. માણસે જીવનને સુખી અને સમતાપૂર્ણ બનાવવું હોય તો બે બાબતોને ભૂલી જવી જોઈએ. કોઈ એ આપણું કશું બગાડ્યું હોય, નુકશાન કયું હોયતો ભૂલી જવું અને ક્ષમા ની ભાવના રાખવી જોઈએ. બિજું કોઈના પર ઉપકાર કર્યો હોય તો ભૂલી જવો. માણસ જ્યારે આ દુનિયામાં આવે છે ત્યારે મુઠીવાળીને આવે છે, અને જાય છે ત્યારે ખુલ્લા હાથે જાય છે. ગમે તેટલું મેળવશો તો પણ તેનો અંત નથી. જીવન પુરું થયું એટલે બધુ પુરૂ થઈ ગયું. કશું સાથે આવવાનું નથી.

''પ્રભુ આટલું મને આપજે, આયુષ્ય ની છેલ્લી ઘડી
ના રહે મુજને કોઈ બંધન, માથા તણું છેલ્લી ઘડી.''

નિયાપો ની પ્રસિદ્ધિ માટે વેબસાઇટની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા માટે શ્રી પંકજભાઈ વલ્લભજી સાવલા ના અમો આભારી છીએ.

સંપાદક મંડળ

*મંડળના સભ્યો માટે હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ*

**PREETI PHARMA**

INDER BAGH, SULTAN BAZAR, HYDERABAD 500 095.

PHONE : 6553 3588, 6558 6970.

## લગ્ન વિષયક

જુન મહિનાથી 'લગ્ન વિષયક' વિભાગ શરૂ કરવાનું વિચારાધીન છે. સમાજની જરૂરીયાતને અનુલક્ષીને સૌ પ્રથમવાર સમગ્ર ભારતવર્ષમાં તેમજ વિશ્વભરમાં વસતા કચ્છના વતની જેવા લગ્નોત્સુક જ્ઞાતિજનો માટે આ પ્રયાસ છે. જે અંગે 'લગ્ન વિષયક' ફોર્મ ભરવાનું રહેશે.

'લગ્ન વિષયક' માહીતી સંપૂર્ણ અને વ્યવસ્થીત રીતે પ્રસિદ્ધ કરવા હેતુ ફોર્મમાં દર્શાવેલ વિગતો મુજબ ફોર્મભરીને મોકલવાનું રહેશે. ફોર્મ સાથે બે પાસ પોર્ટ સાઈઝના ફોટા જરૂરી છે. મોકલાવેલ વિગતોની સચ્ચાઈની સંપૂર્ણ જવાબદારી મોકલનારની રહેશે. તેમાં કચ્છી મિત્ર મંડળ બંધનકર્તા રહેશે નહીં.

"કચ્છી મિત્ર મંડળના" તેમજ કચ્છ બહાર વસતા કુટુંબી જનોને આ ફોર્મ આપવામાં આવશે. કચ્છી મિત્ર મંડળના સભ્યોના વેવિશાળ યોગ્ય પુત્ર, પુત્રી, ભાઈ, બહેન વગેરેની માહિતી નિયાંપોમાં ફોટા સહિત પ્રસિદ્ધ કરવામાં આવશે. આ અંગેનો ખર્ચ પેટે રૂા. ૨૫૧/– (ફોટા સહીતના) અને ૧૫૧/– ફોટા વગરની માહિતિ પ્રસિદ્ધ કરવાના લેવામાં આવશે.

આપણો "નિયાંપો" વેબસાઈટ ઉપર ઉપલબ્ધ હોવાના કારણે સમગ્ર ભારત તેમજ વિશ્વભરમાં વાંચવામાં આવશે.

— સંપાદક મંડળ

## લગ્ન વિષયક ફોર્મ

| | | | |
|---|---|---|---|
| ૧. | પુરૂ નામ અટક સાથે (કુમાર/કુમારી) | : | |
| ૨. | પિતાનું નામ / માતાનું નામ | : | |
| ૩. | દાદા / દાદીનું નામ | : | |
| ૪. | નાના / નાનીનું નામ | : | |
| ૫. | જન્મ તારીખ | : | |
| ૬. | ઉંચાઈ / વજન | : | |
| ૭. | દેખાવ | : | |
| ૮. | અભ્યાસ / શોખ | : | |
| ૯. | વ્યવસાય : (નોકરી/વેપાર/પ્રોફેશનલ) | : | |
| ૧૦. | વાર્ષિક આવક | : | |
| ૧૧. | જ્ઞાતિ | : | |
| ૧૨. | મૂળ વતન | : | |
| ૧૩. | ભાઈઓ / બહેનો (સંખ્યા) | : | |
| ૧૪. | સંપર્ક સરનામું | : | |
| ૧૫. | ફોન નં. / મોબાઈલ નં. / ઈ–મેલ | : | |
| ૧૬. | અન્ય સંપર્ક | : | ૧) |
| | | | ૨) |
| | | | ફોન નંમ્બર |
| ૧૭. | વિશેષ માહિતી | : | |
| ૧૮. | કચ્છી મિત્ર મંડળ સભ્યપદ ક્રમાંક નં. | : | |



# મંત્રીશ્રીનો અહેવાલ

અમૃતલાલ ભાણજી નિશર

આર્થિક નવા વર્ષની શરૂઆત થઈ ચૂકી છે, સાથે સાથે આપણાં મંડળનો વાર્ષિક અહેવાલ પણ તૈયાર થઈ ગયો છે. આપણાં ખજાનચી શ્રી કીર્તિભાઈએ તા. ૩-૫-૨૦૧૦ ની સંયુક્ત સભામાં એ રજુ કરતાં થોડા સુધારાઓ સહિત બહાલી આપવામાં આવી. આપણાં સહુ તરફથી એમને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા, ખરુંને ? ઓડીટરની મંજુરીથી સુધારાઓ સાથે ઓડીટેડ એકાઉન્ટ તા. ૧૮-૭-૧૦ નાં યોજવામાં આવનારી સાધારણ સભામાં બહાલી લેવામાં આવશે. તે માટેનું યોગ્ય પરિપત્ર સમયસર મોકલવામાં આવશે.

બીજા સર્વ કાર્યો વ્યવસ્થિત રીતે થઈ રહ્યા છે. ભવનમાં હજીપણ ઉપસ્થિત થઈ રહેલ જરૂરતો પ્રમાણે યોગ્ય પગલા લેવાઈ રહ્યા છે. સમિતિઓનાં અહેવાલ સંચાલકોએ અન્યત્ર આપેલ છે. દરેક સંચાલક પોતાનાં કાર્યો વ્યવસ્થિત રીતે સંભાળી રહ્યા છે. સહુનો આભાર. પ્રકાશન સમિતિ દ્વારા ''લગ્ન વિષયક'' વિભાગ શરૂ કરવા વિચારણાં થઈ રહી છે. વિગત અન્યત્ર આપેલ છે.

આપણાં મંડળનાં અત્યાર સુધીમાં ત્રણ વસ્તિ-પત્રક (વર્ષ ૧૯૮૦-૧૯૯૦ અને ૨૦૦૦) પ્રકાશિત થયા છે, હવેનું ચતુર્થ વસ્તિપત્રક પ્રકાશિત કરવા સૂચનો આવી રહ્યા છે, જે માટેની વિચારણાં ચાલુ છે. આ કાર્ય માટે સૂચનો-સહયોગ આપી શકનાર સભ્યોને મારો અથવા શ્રી અરવીંદભાઈનો સંપર્ક કરવા વિનંતિ.

આવાસગૃહમાં નીચે ખાલી પડેલો સેલારનો ભાગ ભાડેથી આપવાનું નક્કી થયેલ છે. જરૂરતમંદ ભાઈ ઓને શ્રી મણીકાન્તભાઈનો સંપર્ક કરવા વિનંતી.

''સ્વર્ણીમ-ગુજરાત" માટે અષાઢી બીજ નિમિત્તે તા. ૧૧/જુલાઈ અને તા. ૨૫/જુલાઈ એમ બે કાર્ય-ક્રમો યોજવાનું નક્કી થયેલ છે. વધુ વિગત આવતા અંકમાં જણાવવામાં આવશે.

આપણાં ભવનનો ઉપયોગ કરનાર કેટલીક વ્યક્તિઓએ ભવનની સુવિધાઓથી સંતોષ પામી નીચે મુજબનાં અનુદાનો આપેલ છે. મંડળ એમનો ખૂબ ખૂબ આભાર માને છે. નીચે મુજબનાં અનુદાનો પ્રાપ્ત થયા છે:

૧) ૫૧૦૦/- જનરલ ડોનેશન શ્રી પ્રવિણભાઈ મેઘજી કારાણી

૨) ૧૧૦૦/- જનરલ ડોનેશન મીનાબેન એમ. ભાનુશાલી લગ્ન પ્રસંગે સપ્રેમ

**સાભાર સ્વિકાર :** પગદંડી, કચ્છ વિકાસ, જય કચ્છ, કચ્છી દશા ઓ. પ્રકાશ સમિક્ષા, યુવા પ્રેમ, કૌરવે ગુર્જર, યુગ પ્રવાહ, ગુણભારતી.

ભવનમાં ઉપરોક્ત મુખ-પત્રકો લગભગ દર મહિને નિયમિત આવી રહ્યા છે, જે મંડળનાં દવાખાનામાં રાખવામાં આવે છે. સર્વ ભાઈ-બહેનો એનો લાભ લઈ શકે છે.

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458
(R) 6613 3650

**BHAVANA TOURS & TRAVELS**

RENT A CAR, INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL &
SWARAJ MAZDA (16, 19, 24 SEATERS), SEMI DELUX BUSES (35, 40, 52, 55 SEATERS)
DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

## માનવ મિત્ર સમિતિ

સંચાલક : ડૉ. દિલીપ પ્રાગજી ભાનુશાલી
સહસંચાલક : હરિલાલ ભીમશી સાવલા

જણાવતા હર્ષ થાય છે કે મૂઠીભર અનાજ યોજનાને છ વર્ષ પુરા કરીને સાતમા વર્ષમાં પ્રવેશ કરે છે. આ યોજનાને સફળ બનાવવા માટે આપ સૌ સભ્યો જે અનાજ પ્રતિ માસ આપો છો તેમજ વોલીયન્ટર ભાઈ–બહેનો જે આ માનવ સેવાના કાર્યમાં સહભાગી થયા છે આપ સૌના સાથ–સહકાર માટે આભાર.

**આશ્રમ માટે દાન**

રૂ.૨૫૦૦/– શ્રીમતી રૂક્ષ્મણીબેન પ્રવિણ ગાલા
રૂ.૨૦૦૦/– સ્વ. લક્ષ્મીચંદ આણંદજી ગાલા હઃ મંજુલા ગાલા
રૂ. ૫૦૦/– સ્વ. ગંગાબેન આશારીયા માલદે.
રૂ. ૫૦૦/– સ્વ. ચંદનબેન હસમુખ ગડા હઃ ચંચળબેન ગડા
રૂ. ૫૦૦/– સ્વ. ભીમશી ડુંગરશી સાવલાના પુણ્યતીથી નિમિત્તે હઃ તરલાબેન ભીમશી
રૂ. ૨૫૧/– શ્રીમતી જયવંતીબેન મગનલાલ મારૂ

**ગૌશાળા માટે દાન**

રૂ. ૫૦૦/– સ્વ. ચંદનબેન હસમુખ ગડા હઃ ચંચળબેન ગડા
રૂ. ૫૦૦/– સ્વ. ચંદનબેન હસમુખ ગડા હઃ અમૃતબેન દેવશી વોરા
રૂ. ૨૫૦/– શ્રીમતી શાંતાબેન શાંતીલાલ ગાલા
રૂ. ૨૫૦/– શ્રી શાંતિલાલ હીરજી ગાલા

**હોસ્પિટલ માટે દાન**

રૂ. ૫૦૦/– શ્રીમતી હેમલતાબેન ધીરજલાલ વોરા તરફથી ભગવાન મહાવીર જૈન રીલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટને ડાયલાસીસ ઉપચાર માટે.
રૂ. ૨૫૧/– એક સદ્‌ગ્રહસ્થ તરફથી

**છાસ વિતરણ યોજના માટે**

રૂ.૨૦૦૦૦/– શ્રીમતી મોઘીબેન લક્ષ્મીચંદ નાગડા
રૂ.૪૦૦૦/– શ્રી ફ્રેન્ડસ સોસીયલ ગ્રુપ
રૂ.૪૦૦૦/– ચિ. કાર્તીક હરીશ ગાલા
રૂ.૪૦૦૦/– શ્રીમતી જયવંતીબેન નેમજી ધરોડ
રૂ.૪૦૦૦/– એક સદ્‌ગ્રહસ્થ તરફથી
રૂ.૨૦૦૦/– શ્રી ત્રીશલા મંડળ
રૂ.૨૦૦૦/– સ્વ. ધીરજલાલ ગોવિન્દજી વોરા
રૂ.૧૦૦૧/– શ્રીમતી સુશીલાબેન દામજી માવજી સાવલા
રૂ.૧૦૦૦/– શ્રીમતી રેખાબેન રતિલાલ સંઘોઈ
રૂ.૧૦૦૦/– એક સદ્‌ગ્રહસ્થ તરફથી
રૂ.૧૦૦૦/– શ્રી રાજેશ ગડા
રૂ.૧૦૦૦/– એક સદ્‌ગ્રહસ્થ તરફથી
રૂ.૧૧૦૦/– શ્રીમતી શાંતા શાંતિલાલ ગાલા
રૂ.૫૦૦/– શ્રી ધીરજ ધુલ્લા
રૂ.૫૦૦/– અંજન દેવચંદ ગાલા
રૂ.૫૦૦/– શ્રીમતી ઝવેરબેન ખીમજી રવજી ગોસર
રૂ.૫૦૦/– શ્રી કમલકાન્ત વીરજી દેઢિયા

---

આપણા સમાજના સભ્યને શસ્ત્રક્રિયા પ્રસંગે રક્તની જરૂરીયાત પડતા નીચે મુજબના રક્તદાતાઓએ રક્તદાન કરેલ તેની નોંધ : (૧) શ્રી ધીરેન પ્રબોધ દેઢિયા, (૨) શ્રી ગીરીશ પદમશી મોતા (૩) શ્રી ભાવેશ ધનપત મોતા (૪) શ્રી નિતેશ ધનપત મોતા (૫) શ્રી મયુર મણિલાલ મોતા (૬) શ્રી જતીન દિનેશ દેઢિયા. ઉપરોક્ત રક્તદાતાઓને અભિનંદન.

ગત માસમાં મૂઠીભર અનાજ હેઠળ ૩૭૫ કીલો ચોખા તેમજ ૩૫ કિલો દાળ પ્રાપ્ત થયા હતા. આ અનાજને વિવિધ આશ્રમોમાં વિતરણ કરવામાં આવેલ.

અવસાન નોંધ : સ્વ. હીરાલાલ ભાણજી ખીમજી ખોના ઉ.વ. ૭૬ ગામ–તેરા.

---

# DONATE EYES
# LIVE TWICE



## માવજત સમિતિ

સંચાલક : કિર્તીકુમાર ટી કાપડીયા
ફોન. ૯૩૯૧૦ ૧૨૯૬૯

૧)ત્રણે દવાખાનાં રાબેતા મુજબ ચાલે છે. વર્ષ ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન નીચે મુજબ દર્દીઓએ લાભ લીધેલ છે.
૧) એલોપેથીક – ૪૯૩૪ ૨) આયુર્વેદીક – ૨૪૯૩ ૩) હોમ્યોપેથીક – ૩૧૬૦

ત્રણે દવાખાનાઓ ઘણા વરસોથી ચાલે છે ચલાવવા માટે તમારા કોઈ સૂચન હોય તો Post Card ઉપર જરૂરથી લખીને મોકલશો.

૨) ચાલુ વરસમાં મેડીક્લેમ ઈન્સ્યુરેન્સ લગભગ બધાએ Renewal કરાવેલ છે. ID Card આપવાનું ચાલુ થઈ ગયુ છે. પોલીસી ની તારીખ થી ૨ મહીનાં ની અન્દર ન મળે તો પોલીસી ની 'Xerox Copy અને તમારા ફોટો સાથે કચ્છી ભવનમાં મોકલશો તો બીજું આઇ.ડી. કાર્ડ મંગાવી આપશું.

નોંધ : પોલીસી માં ૨૦% થી વધુ બોનસ જમાં હોય તો ૧% ના હિસાબે Regular Test કરાવી શકો છે.



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭ ૪૭૬૨૫

ઘણા સમય પછી આપણે સૌ સાથે મળી ઉજવશું અષાઢી બીજ એટલે કચ્છી નવુ વર્ષ. આ નિમિતે તારીખ ૧૧ જુલાઈ અને ૨૫ જુલાઈ ૨૦૧૦ એમ ડબલ ધમાકા કાર્યક્રમ ઉજવશું. કાર્યક્રમ ની રૂપરેખા અને વિગત જૂન માસના નિયાપોમાં આપવામાં આવશે. તો ચાલો નવ વર્ષની આગમનની તૈયારી કરીયે.

વિશેષ નોંધ : આપ ના મા અગર કોઈ વિશિષ્ટ પર્ફોર્મેંસ ટેલેન્ટ ઉદાહારણ ક્લાસીકલ, ડાન્સ, મીમીક્રી, મોનો એક્ટીંગ, વગેરે હોય તો આપ સંપર્ક કરો પંકજ હીરજી સાવલા ૯૮૪૯૭૪૭૬૨૫ આપણુ મંચ હમેશા પ્રોત્સાહન આપતું આવ્યું છે.

Manoranjan Samithi is organising Double Dhamaka on 11th & 25th July 2010 to celebrate Ashadibeej (Kutchi New Year). So wait for our next announcement in June Edition.

Attention : If you have any performance talent in classical dance, mimicry, mono acting, other, and want a chance to perform on our stage, kindly contace Pankaj H. Savla 9849747625 for details.

## સમાજ દર્પણ

### સગપણ

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિ. શ્રીપાલ રતનશી દેઢિયા | નાગલપુર | હૈદરાબાદ |
| | ચિ. હીરલ પ્રવીણ સોજપાર પોલડીયા | બિદડા | મુંબઈ |

### નવા ફોન નંબર

લક્ષ્મીચંદ સુંદરજી નાગડા–મો. ૯૯૪૯૮ ૦૪૮૭૧

### ભૂલ સુધાર

બ્લીસ બ્યુટી કેર–મો. ૯૨૯૧૫ ૪૪૬૮૧ વાંચવું.

ડૉ. સંતોષનો વ્યાખ્યાન ૨૧–૩–૨૦૧૦નાં થયેલ (નિયાપોમાં ૩૧/૩ છપાયેલ છે.)



# રત્નગીરી, દેવગઢના પ્રખ્યાત

# આફૂસ આમ

## અહિંયા મળશે.

## દિલીપ મોમાયા

## ફોન. ૯૮૪૯૯ ૨૯૬૦૦, ૯૨૪૬૧ ૦૫૫૭૫.



(જા. ખ. .....)

**Pure Alphanso Mango Juice, Mango Pulp also available.**

## છેડા સ્ટોર્સ

**ખાખરા** : ઘી-સાદા, ઘી-જીરા, મસાલા, બાજરી-મેથી, માંગરોળી, પાવ-ભાજી, પંજાબી-મસાલા, મેથી.

**અથાણા** : ગુંદાનું અથાણું ગોળ-કેરી અથાણું છુંદાનું અથાણું બીજા અનેક પ્રકારના ઘરે બનાવેલ અથાણાં મળશે.

**ડાઈટ ફરસાણ** : ટોમેટો સ્ટીક, ફૂદીના સ્ટીક, મેથી સ્ટીક, બાજરી પૂરી, ડ્રાયફૂટ, ડ્રાય કચોરી, તીખું ફરસાણ મળશે.

**પાપડ** : સાબુદાના પાપડ, ચોખાના પાપડ, મૂંગ પાપડ, પાલક પાપડ, બટાટા પાપડ

**ચટણી** : પાની પૂરી ચટણી, દાબેલી ચટણી, લસણની ચટણી, આમલીની ચટણી, તૈયાર મળશે.

## CHHEDA STORES

4-5-767/ 769/3, Veg. Market, Near Health league,
Badi Chowdi, Hyderabad 500 027.
**Phone : 92465 79504, 040-6452 9504.**

(જા. ખ. H-3195)

*Hyderabad's Special*

# KRUNCH BRAND
# JAIN FRUIT BISCUIT

- *Fruit Biscuit*
- *Chocolate Cashew Biscuit*
- *Cashew Biscuit*
- *Tea Time Biscuit*

**Available at**

**GURUKRUPA ATITHI GRUH**
Bogulkunta, Hyderabad
Tel : 040 - 6451 9253

**A.P. SAREE CENTRE**
Chaitanyapuri, Hyderabad.
Tel : 040-24043267, Cell : 92463 73739

**Mfg. by : KRUNCH BAKERS,** Kachiguda, Hyderabad (A.P.)
**Mahesh Dedhia -** 092465 20802, 098850 61615

(જા.ખ. ...., Mar.10)

**☛ ALL MEDICINES AT WHOLESALE RATE**
**☛ FREE DOOR DELIVERY FOR BULK PURCHASE**

**☛ હોલસેલ ભાવે દરેક દવા તેમજ મોટા ઓર્ડર માટે ફ્રી હોમ ડિલીવરી સર્વિસ**

# KAMALESH PHARMA

**PHARMACEUTICAL DISTRIBUTORS**

4-4-230/3, Shop No. 2, Inderbagh, Kothi, Sultan Bazar, Hyderabad-95.
Ph : 65981701, 64611701, 24757393.

*Bhasker*
**6461 1701**

*Deepak*
**98490 17501**

*Anup*
**2475 7393**

(જા.ખ. H-2229)


MARVEL
BEAUTY PARLOUR
9247304982
We specializes in Bridal Make-up, Hairstyle & Mehendi, Skin, Anti Dandruff & Hair Treatment.
We conduct classes for MEHANDI & BEAUTY COURSE
▪ Non Surgical Face Lifting
▪ Under Eye Dark Circle Treatment
▪ Skin Polishing Treatment
▪ Anti Dandruff Treatment
▪ Radiance Glow ▪ Lighting Facial
▪ Temporary & Permanent & Hair Straightening
SPECIAL OFFER FOR YOU
SPECIAL OFFER FOR BRIDAL PACKAGE
"BEAUTY PACKAGE" for just Rs.350/-
Bleaching or Hair Massage, Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow + Rs. 50/- apply Hairdye or Heena
Contact in Person : PRAGNA H.SHAH
# G-4, Lakshmi Narayan Apartments, Beside Mahalakshmi Dairy, Kutbiguda, Kachiguda, Hyderabad - 27.
(જા.ખ. H-1388, Oct.09)


R.S. BANDHANI HOUSE
કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં
કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.
નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી
૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.
(જા.ખ. H-2010 Jan 10)

# વિવિધા

સંકલન : *વસંત પી. શાહ*

## મોહનો ચક્રવ્યુહ

એક નટ અને નટી હતા. તેઓ નૃત્ય કરતા હતા અને લોકોનું મનોરંજન કરતા હતા. એક દિવસ તેઓ એક રાજાના દરબારમાં જઈ ચડ્યા. તેઓ એ ત્યાં એક મહિના સુધી કાર્યક્રમો કર્યો. તેના કાર્યક્રમનો છેલ્લો દિવસ હતો. રાજા કાંઈક આપશે એવી આશા હતી, પરંતુ રાજા મહા કંજૂસ નિકળ્યો. તેણે કશું આપ્યું નહી. નટ–નટીના પૈસા પણ ખર્ચાઈ ગયા. તેથી નટી નિરાશ થઈ ગઈ અને તેના પગ ડગમગાવા લાગ્યા– એટલામાં નટે કહયું

બહોત ગઈ થોડી રહી, વ્યાકુલ મત હોય,
ધીરજ સબકા મિત્ર હૈ, કરી કમાઈ મત ખોય.

હે નટની આપણે જેટલો સમય રહેવાના હતા તેમાં મોટા ભાગનો સમય વિતી ગયો છે, હવે માત્ર થોડા સમય માટે સમતુલન શા માટે ગુમાવે છે, હવે કાર્યને બગાડવા નો શો અર્થ ?

આ શબ્દો સાંભળતાં હાજર રહેલ એક સાધુએ પોતાની મળેલી કામળી તેના તરફ ફેંકી. રાજકુમાર અને રાજકુમારી પણ આ નૃત્ય જોવા બેઠા હતા. નટના આ શબ્દોએ તેમના પણ હૃદયને વીંધી ના ખ્યુ. રાજકુમારે પોતાની આંગળીમાંથી સોનાની વીંટી અને રાજકુમારી એ પોતાના ગળાનો હાર આપી દીધો.

ચમડી છુટે પણ દમડી ન છુટે એવા કંજૂસ રાજા આ જોઈને આભો બની ગયો. તેમણે કહ્યું તમો બધા ગાંડા બની ગયા છો, લૂટાવા બેઠા છો.

રાજાએ સાધુને કહ્યું મેં તને ખુશ થઈને કીંમતી કામળી આપી તે આ નાચવાવાળાને આપી દીધી. સાધુ બાબા એ કહ્યું મેં આખી જીંદગી તપસ્યા કરી. ભગવાનનું નામ લીધું. ૬૦ વર્ષની ઉમર થઈ, જરૂરત ઓછી કરી નાખી હતી. હું આપના રાજદરબારમાં મહિનાથી છું. પરંતુ તમારો વૈભવ વિલાસ જોઈને મને થયું કે રાજા ભગવાનનું નામ પણ લેતો તથી અને કેટલું સુખભોગવે છે. તેથી હું વિચારતો હતો કે આ સાધુજીવન છોડીને હું પણ ભોગ ભોગવી લઉં, ત્યાં નટના શબ્દો મારા કાનમાં પડ્યા, બહુત સમય બીત ગયો, થોડો રહ્યો અને મારા મનમાં પ્રકાશ પડ્યો, આટલા વર્ષો મે તપસ્યા કરી છે અને હવે થોડા માટે મારો અવતાર બગાડું અને તેથી મારી પાસે કાંઇ રહ્યુ સહયું આપની કીંમતી કામલી મેં આલોકોનો આપી દીધી. નટના શબ્દો એ મને ઉગારી લીધો.

રાજાએ રાજકુમારને પૂદયું, ત્યારે તેણે કહ્યું પિતાજી હું વિચારતો હતો તમે વૃધ્ધ થયા છો છતાંપણ હજી રાજ્ય ની લગામ છોડતા નથી. રાજગાદી મને આપતા નથી. તમારો મોહ જોઈને મને થયું કે મારી જુવાની વીતી જશે, છતાં મને કશું મળશે નહી તેથી મે તમારું ગળું દબાવી દઈને મારી નાખવાનો વિચાર કર્યો હતો. ત્યાં નટના આ શબ્દોએ મને હલબલાવી નાખ્યો. મને ભાન થયું કે તમે તો વૃધ્ધ થયા છો. જીવી જીવીને કેટલા વર્ષ જીવશો, એ પછી તો બધું મારું જ છે ને ? આટલા વર્ષો ધીરજ રાખી હવે થોડા સમય માટે આ કલંક મારા માથા પર શા માટે લગાડવું આ નટે મને પાપમાંથી ઉગારી લીધો એટલે મેં તેને સોનાની વીંટી આપી દીધી.

રાજાએ કુંવરી ને પુછયું તે ગળાનો હાર કેમ આપી દીધો ? રાજકુંવરી એ કહ્યું પિતાજી મારી ઉંમર થઈ ગઈ છે છતાં પણ પૈસાના લોભમાં, દહેજની લાલચમાં તમે મારા લગ્ન કેલે જાવ છો. મને વિચાર આવ્યો કે કોઈ જીવનસાથીને શોધીને હું ભાગી જાઉ. ત્યાં નટના શબ્દો મેં સાંભળ્યા અને શુદ્ધ બુદ્ધ ઠેકાણે આવી – મેં વિચાર કર્યો તમે વૃધ્ધ થઈ ગયા છો. હવે કેટલા વર્ષ જીવવાના, થોડા સમય માટે મારે શા માટે કુટુંબની આબરૂ બદનામ કરવી. આમ નટ ના શબ્દો એ મને પતનમાંથી બચાવી લીધી અને મે તેને હાર આપી દીધો.

જીવનમાં પણ આવું જ છે. મોજ શોખમાં જીવન વિત્તી જાય છે. મોહ, માયા, લોભ, તૃષ્ણ અને લાલસા છુટતી નથી. સુખે થી ખાધું નહી, બીજાને ખવડાવ્યુનહી, અંત સમય માં અંતર ચક્ષુ ખુલે છો પરંતુ ધણું મોડું થઈ ગયું હોય છે. ધર્મનું સત્કામોનું ભાતું બાંધતો નથી ત્યારે પસ્તાવાનો વારો આવે છે. અંતરને બદલ્યા વગર આચરણ બદલી શકાય નહીં. આ માટે આંતરશુદ્ધિની આવ્યસકતા છે.

ભગવાન મહાવીરે અંતિમ ધર્મોપદેશમાં ગૌત્તમ ને સંબોધીને કહ્યું હતું કે – ''હે ગૌતમ તમામ મમતા આસક્તિ નો ત્યાગ કર અને સંપૂર્ણ સ્નેહ બંધન થી મુક્ત બન".

1) The price of greatness is responsibility
2) Nothing great is ever achieved without enthusiasm.
3) An open ear is the only believable Sign or an open Heart.
4) Forgive the other person but don't forget their name.
5) Life is hard by the Yard, but by the Inch, it's a Clinch.

## RISKS

To laugh is to risk appearing the Fool.
To weep is to risk appearing Sentiments.
To reach out for another is to risk Involvement.
To expose feelings is to risk exposing your true self.
To place your Ideas, your dreams, before a crowd is to risk their loss.
To love is to risk not being loved in return.
To live is to risk Dying.
To hope is to risk Despair.
To try is to risk Failure.

But risk must be taken, because the greatest hazard in life is to risk nothing. The person who risks nothing, does nothing, has nothing, and is nothing.

They may avoid suffering and sorrow, but they cannot learn, feel, change, grow, love, or live. Changed by their attitudes, they are slaves, they have forfeited their freedom. Only a person who risk is free.

**2) Be Dependable and Practice Loyalty :** The old adage an ounce of loyalty is worth more than a pound or cleverness, is universal and eternal. Ability is important but dependability is crucial. If you have someone with all the ability but if he is not dependable, do you want him as part of your team ? no, not at all.

## ડાયાબીટીઝ નાં દર્દીઓ માટે સારા સમાચાર

ડૉ. ટોની અલમેડા એ (મુંબઈના કીડની એક્ષપર્ટ) ઘણાજ વર્ષોની મહેનત બાદ નીચે આપેલ ડાયાબીટીઝ ની દવા શોધી છે. ૬૫ વર્ષની ઉંમરની એક મહિલાને ૨૦ થી વધારે વર્ષથી દિવસમા બે વખત ઈન્શ્યુલીન લેવુ પડતુ હતુ. તેણે નીચે આપેલ દવા નો ૧૪ વખત ઉપયોગ કર્યો અને તેનાથી એનું ડાયાબીટીઝ મટી ગયુ છે. તે હવે સામાન્ય રીતે બધોજ ખોરાક લે છે. (મિઠાઈ પણ) તેના ડોક્ટરોએ ઈન્શ્યુલીન અને બીજી બધીજ દવાનો વપરાશ બંદ કરવાની સલાહ આપી છે.

દવા બનાવવા માટે જરૂરી વસ્તુઓ બધી (૧૦૦ ગ્રામ) અનાજ ની દુકાને મળે છે. ૧. ઘઉંનો લોટ, ૨. ગુંદર, ૩. આખા જવ, ૪. કલન્જી (કાંદાના બી)

દવા બનાવવાની રીત : પાંચ કપ પાણી લઈ તેમાં ઉપરની ચારે વસ્તુઓ મીક્ષ કરો. ગેસ ઉપર ૧૦ મીનીટ ગરમ કરો. (નીચે બેસી ન જાય તે માટે ચમચાથી હલવતા રહો). ગેસ બંદ કરી દો. તેને સામાન્ય રીતે ઠંડુ થવા દો. હવે ગાળીને પ્રવાહી (ગુંદર નીરાબ જેવુ) ને કાચનાં જગ અથવા બોટલ મા ભરી લો. (શક્ય હોય તો ફ્રીઝમાં મુકવું).

દવા વાપરવાની રીત : પ્રવાહી નાં સાત ભાગ કરી એક ભાગ રોજ સવાર ના ખાલી પેટે સાત દિસ સુધી પીવુ. દવા લેવા બાદ અડ્ધો કલાક કંઈ ખાવુ નહી. ત્યાર બાદ નવુ પ્રવાહી બનાવી બીજા સાત દિવસ લેવુ. ૨૧ દિવસ બાદ નવાઈ પામશો કે આપ ડાયાબીટીઝ થી મુક્ત થઈ ગયા છો, હવે આપ સામાન્ય રીતે ખોરાક ખાઈ શકશો.

નોંધ : આ બધી વસ્તુઓ કુદરતી છે. એટલે એમનો પ્રયોગ કરવામાં જોખમનથી.

આ માહીતી ઈન્ટરનેટ ઉપર આવેલ મેસેજ ઉપરથી લીધી છે. વધારે માહીતી માટે શ્રી વલભજી મેઘજી સાવલા ફોન. ૯૩૯૦૯૯૨૮૧૧ પર સંપર્ક કરશો.

## જીવનમાં

ખાવા જેવી ચીજ હોય તો ગમ છે.
ગળવા જેવી ચીજ હોય તો **અપમાન** છે.
પચાવવા જેવી ચીજ હોય તો **બુદ્ધિ** છે.
પીવા જેવી ચીજ હોય તો **ક્રોધ** છે.
આપવા જેવી ચીજ હોય તો **ધન** છે.
લેવા જેવી ચીજ હોય તો **જ્ઞાન** છે.
જીતવા જેવી ચીજ હોય તો **પ્રેમ** છે.
હારવા જેવી ચીજ હોય તો **અભિમાન** છે.
દેખાડવા જેવી ચીજ હોય તો **દયા** છે.
સાંભળવા જેવી ચીજ હોય તો **ગુણ** છે.
બોલવા જેવી ચીજ હોય તો **સત્ય** છે.
ભૂલવા જેવી ચીય હોય તો **ભૂતકાળ** છે.
સુધારવા જેવી ચીજ હોય તો **વર્તમાન** છે.
વિચારવા જેવા ચીજ હોય તો **ભવિષ્ય** છે.
કાબુમાં રાખવા જેવી ચીજ હોય તો **વાણી** છે.

*સંકલન : પંકજ વલભજી સાવલા*

## હ્યુસ્ટનમાં મહાત્મા ગાંધી જિલ્લો

અમેરિકાના દક્ષિણ-પશ્ચિમ હ્યુસ્ટનમાં આવેલા એક એથનિક કોન્ક્લેવને, ચાલુ માસે મહાત્મા ગાંધી જીલ્લો નામ આપવામાં આવ્યું છે.

ગ્રેટર હ્યુસ્ટન વિસ્તારમાં રહેતા ૧,૦૦,૦૦૦ ભારતીય-અમેરિકાનોની સાત વર્ષ લાંબી માંગણી સંતોષાઈ છે. શહેરના મેયર, એનીસ પાર્કરે નામના ફોરફારની અને સંજીવ અરોરાને હ્યુસ્ટન ખાતે ભારતના કોન્સલ-જનરલન તરીકે ની જાહેરાત કરી હતી.

હ્યુસ્ટનમાં આ ભારતીય - અમેરિકનો માટે આનંદની ક્ષણો હતી. આ વિસ્તારને નવું નામ આપતાં ત્યાં વધુ પ્રવાસીઓ આકર્ષશે.

**SAVE TREE**
**SAVE NATION**

## ભુજ તેમજ ગાંધીધામ થી ઉપડતી ટ્રેનીનું સમયપત્રક

| ટ્રેન નં. | નામ | ભુજથી સમય | | ગાંધીધામથી સમય | |
|---|---|---|---|---|---|
| | | આવશે | ઉપડશે | આવશે | ઉપડશે |
| ૯૧૩૧ | બાન્દ્રા–ભુજ (કચ્છ એક્સપ્રેસ) | ૯.૨૦ | – | ૯.૪૭ | ૮.૧૦ |
| ૯૧૩૨ | ભુજ–મુંબઈ (કચ્છ એક્સપ્રેસ) | – | ૨૦.૦૦ | ૨૧.૦૫ | ૨૧.૨૫ |
| ૪૩૧૧ | બરેલી–દિલ્હી–ભુજ (આલાહઝરત) (બુ.શુ.શ,ર) (વાયા ધ્રાંગધ્રા, વિરમગામ, અમદાવાદ | ૧૪–૪૫<br>૧૧.૦૫ | –<br>૧૨.૧૫ | ૧૨.૫૦<br>૧૨.૪૫ | ૧૩.૨૦ |
| ૪૩૧૨ | બરેલી–દિલ્હી–ભુજ (આલાહઝરત) (મં,ગુ.સો) | ૧૦.૧૫ | – | ૮.૪૦ | ૯.૦૫ |
| ૪૩૨૨ | ભુજ–દિલ્હી–બરેલી (આલાહઝરત) (મં,બુ.શુ) (વાયા ભીલડી, રાધનપુર, ડીસા) | ૧૫.૪૦ | ૧૬.૫૦ | ૧૭.૧૦ | – |
| ૯૧૧૫ | બાન્દ્રા–ભુજ (સયાજી એક્સપ્રેસ) | ૭.૪૦ | – | ૬.૧૦ | ૬.૩૦ |
| ૯૧૧૬ | ભુજ–બાન્દ્રા (સયાજી એક્સપ્રેસ) | – | ૨૨.૧૫ | ૨૩.૨૦ | ૨૩.૪૦ |
| ૧૦૯૧ | ભુજ–પૂણે (અહિંસા એક્સપ્રેસ) (બુધ) | – | ૭.૪૫ | ૮.૫૫ | ૯.૦૫ |
| ૧૦૯૨ | પૂણે–ભુજ (અહિંસા એક્સપ્રેસ) (મંગળ) | ૧૫.૩૫ | – | ૧૫.૪૫ | ૧૬.૦૫ |
| ૬૫૦૬ | ગાંધીધામ–બેંગ્લોર (એક્સપ્રેસ) મંગળ) | – | – | – | ૮.૪૦ |
| ૬૫૦૫ | બેંગ્લોર–ગાંધીધામ (એક્સપ્રેસ) (સોમ) | – | – | ૧૪.૦૦ | – |
| ૬૩૩૫ | ગાંધીધામ–નાગરકોઈલ (એક્સપ્રેસ) શુક્ર) | – | – | ૫.૨૦ | – |
| ૬૩૩૬ | નાગરકોઈલ–ગાંધીધામ (એક્સપ્રેસ) (ગુરૂ) | – | – | ૧૪.૧૫ | – |
| ૯૧૫૨ | ગાંધીધામ–પાલનપુર | – | – | ૫.૪૫ | – |
| ૯૧૫૧ | પાલનપુર–ગાંધીધામ | – | – | – | ૨૧.૨૫ |


*મંડળના સભ્યો માટે હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ*

**PREETI PHARMA**

**INDER BAGH, SULTAN BAZAR, HYDERABAD 500 095.**



**શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ**

Ph : 6564 1868
90007 98770

**(ગુજરાતી મહારાજ)**

શ્રી સત્યનારાયણની કથા, ગ્રહ પ્રવેશ, લગ્ન વિધિ, રાંદલ માતાના લોટા, નક્ષત્ર શાંતિ, શ્રાધ્ધકર્મ, જન્મકુંડલી, મેળાપક તેમજ બધા પ્રકારની પાઠ પૂજા તથા ભાગવત સપ્તાહ માટે

Bharati Nilayam, 3-2-186, Sunargalli, 3rd Floor, Near Lord Shiv Temple,
Nimboliadda, Kachiguda, Hyderabad 500027.

(જા.ખ.Q-1603)

# આવેલનો આભાર રહી ગયેલ ના ક્ષમાપ્રાર્થી....

દિ. ૧૧-૪-૨૦૧૦ને રવિવારે ચંદનબેનના વર્ષીતપ તથા ''મોક્ષ નીલેશ કારાણી''ના જન્મ ખુશાલી પ્રસંગે રાખેલ **શ્રી સિધ્ધચક્ર મહાપૂજન**માં અમારા આમંત્રણને માન આપી આપ પધારેલ. તેમજ પૂજનમાં અમો કુટુંબીઓ ભક્તીમાં વ્યસ્ત હતા. તો પણ આપ સહુ પુજનની ભક્તી આંદનથી માણેલ તે બદલ ખુબ ખુબ ધન્યવાદ.

અમારા સગા સંબંધી, હિતેચ્છુ તથા પ્રેમીજનો બધાને આમંત્રીત કરેલ. તો પણ અમારાથી ભુલમાં કે અજાણતા થોડાક આમંત્રણ રહી ગયેલ તે ધ્યાનમાં આવેલ તેમના માટે અંતકરણ પૂર્વક ક્ષમાપ્રાર્થી છીએ.

આ પુજનના આયોજનને સફળ બનાવવામાં ઘણા બધાનો સાથ સહકાર મળેલ તે બધાના અમે હૃદયપૂર્વક આભારી છીએ.

## અભિનંદન

**ચિ. કૈવન તરૂણ ગાલા** (ચિઆસર)



*वारे मेरे लाला*
*कर दीया तुने कमाल*
*कीया ऐसा काम*
*उजाला कुल का नाम*
*बम बोले बम*
*है तुझमे इतना दम*
*सफलता पाये तु हर कदम*
*यही आशीष देते हम*

અમારા પુજ્ય બહેન સૌ. ઉષાબેન તલકશી ગાલાના પૌત્ર ચિ. કૈવન તરૂણ ગાલા Inter 2nd ની પરીક્ષામાં ૯૫% માર્ક સાથે ઉતીર્ણ થયેલ છે માટે ચિ. કૈવન ને ખૂબ ખૂબ અભિનંદન. આવીજ પ્રગતી હર ક્ષેત્રમાં કરતા રહો માટે શુભેચ્છા.

**પ્રવીણ મેઘજી કારાણી પરિવાર**

**ગોલ્ડન ઈન્ટરપ્રાઈજીસ,**

(ત્રા.ખ. F)

૧૮૮, શ્રીકૃપા માર્કેટ, મલકપેટ, હૈદરાબાદ-૩૬. ફોન. ૦૪૦-૨૪૫૫ ૨૮૦૦, ૬૫૯૯ ૪૯૪૯.




# Preethi's Perfect Bride

**SURYANARAYAN APARTMENT, KACHIGUDA, HYDERABAD 500 027.**

*Respecialised in traditional, Western, Glamoures look*
*(With Hair Style, Dree-up, Lots of Jewelleries and Accessories)*

## Summer is going Boring ?

*Join us for special class of personal beauty courses*

**Charges Rs. 1000/- only**

*How to do self & others*

• Eyebrows • Facial Types • Bleach (body)
• Party Make-up • Wax (Face)
• Henna applying (mixing) • Mani-Pedicure
• Oil Massage • Cuttings • Hair (Curling/Straight)

**Only for Ladies**

**(Trained at Mumbai)**

**Cell : 90101 20211, 92461 88671**

# Kutchhi Cricket Club Hyderabad

We once again thank all our sponsors, Participants, & all our Friends for the generous support they have extended. We truly cannot Spell our SUCESS without U.

Main Sponsors

**Victory Comfort Products**

Manufactures of Rubberised Coir Mattresses

**Shri Prafulbhai Ratanshi Gogri Pariwar**

Co-Sponsors

indian emporium
MATCHING HOUSE
Shri Nemji Kanji Dharod

Neha's D'Designer
*Refeshing Fashion*
Shri Vishal Khurana

Team Owners

| | |
|---|---|
| M\s SHANTI GROUP OF SHOPS | Shri Shureshchand Hirji Gossar |
| M\s NAVRANG | Shri Amratlal Ravji Bheda |
| M\s SHANTINATH GRANITES | Shri Nayan Bharat Savla |
| M\s TWILLS CLOTHING PVT. LTD. | Shri Jayesh Motilal Gala (vijaywada) |
| M\s KALPANA TRADING CO | Shri Mohan Nanji Gala |
| M\s SHREE SARASWATI STORES | Shri Popatlal Bhanji Gada |
| M\s SHREE SHANTI STORES | Shri Talakshi Bhauj Gada |
| M\s SIGMA CORPORATION | Shri Dhiren Vishanji Gogri (Shah) |

Banners Sponsors

| | |
|---|---|
| M\s Ganesh General Stores | M\s Hemal Traders |
| M\s Indian Opticals | M\s Anand Mithai Vatika |
| M\s Eye Vision | M\s Chandana Agencies |
| M\s Silver Eye Care | M\s Bombay Dresses |
| M\s Vishal Cut Piece | M\s Chheda Stores |

**Please Visit www.cricketkpl.com**

(શ્રી.ધ. F)

# KCC Kutchhi Cricket Club Hyderabad

## Thank you

We thank all of you for making the "Victory Cup" "KPL-II 2010" a Grand sucess.

Kutchhi Premier League lived up to the expectation of our Sponsors, Players & audience, with exiciting cricket, Rocking Music, the yummy food was like Iceing on Cake.

Congratulations

## "SHANTI KE SITARE"

for winning the Victory Cup KPL-II 2010.

| Semifinalists | Runners Up | Semifinalists |
|---|---|---|
| Saraswati Champs | Pankti Riders | Marc Masters |

Other Participating Teams

Shantinath Sultans

Sigma Spartans

Twills Tornadoes

Narvang Chargers

Top Performers

Best Batsman - Hitesh Gala, Best Bowler - Hiten Gala
Best Batswomen - Bijal Dharod, Best Lady Bowler - Urmi Savla

KCC Player of the Year - Hiren Vira
KCC Batsman of the year - Manthan Shah
KCC Bowler of the year - Hardik Beda

At present SHANTI CUP Sponsored by SHANTI GROUP OF SHOP is being Played every Sunday. 3 Teams & 48 Players are Participating in this T20 Cricket Tournament. Players are divided in 3 teams.
SHANTI STRIKERS, SHANTI CHAMPS, SHANTI SUPERSTARS
FINALS is on 16th May 2010 at Sarojini Cricket Ground 8.00am to 12.00pm. Next Tournament will be MARC MASTERS TROPHY Sponsored by M\S KALPANA TRADING CO.
For Registrations Contact Manthan Shah- 9849319090.

# કચ્છી નવુ વર્ષ

કચ્છી નવ વર્ષ, અષઢી બીજની ઉજવણી

**મંગળવાર, તા. ૧૩ જુલાઈ ૨૦૧૦**

ના કરવાનો નિર્ધારીત કરવામાં આવેલ છે.

નવા વર્ષની અનોખી પદ્ધતીથી ઉજવણી રૂપે પ્રતિ વર્ષાનુસાર આ વર્ષે પણ અચલગચ્છ અધિષ્ઠાઈકા દેવી માઁ મહાકાલી માતાજીના ભવ્યતી ભવ્ય ભક્તી ભાવના જીનેશ્વરધામ (કાચીગુડા)માં કરવામાં આવશે.

શ્રી સંઘના સદ્ભાગ્યે યોગાનું યોગ તેજ દિવસે સવારના પૂજ્ય સાધ્વી **શ્રી હંસાવલીશ્રીજી** **મ.સા.** તથા આદિ ઠાણા ૭નું ચાતુર્માસ માટેના પ્રવેશનું કાર્યક્રમ હશે. યતીવર્ય **શ્રી મોતીલાલજી ક્ષમાનંદજી મ.સા.** પણ આ કાર્યક્રમમાં હાજર રહેવાની સમ્મતી આપેલ છે.

એ દિવસે સવારના પૂજ્ય સાધ્વીશ્રીનું પ્રવેશ, માંગલીક, નવકારશી ભક્તી ભાવના તથા બપોરનાં સ્વામીવાત્સલ્ય, રાતના હૈદરાબાદ શ્રીસંઘના કલાકારો દ્વારા પ્રભુ ભક્તી. શ્રી શાંતિનાથ દાદાની ભવ્યાતી ભવ્ય આંગી ઇત્યાદી એક ને અનેક કાર્યક્રમો દ્વારા સંપૂર્ણ દિવસ ઉજવણીના ઉલ્લાસમાં વ્યસ્ત રહેવાનું છે. સવારના માતાજીના ભક્તો ભાવનાની રમઝટ જમાવશે ભાયંદરનાં શ્રી ભરત શાહ એન્ડ પાર્ટી રાતના ભક્તી ભાવના માટે શ્રી સંઘના ઉત્સાહી કલાકારોને પોતાના નામો વહેલી તકે શ્રી હંસકુમાર સાયલા પાસે લખાવવા વિનંતી.

ખાસ આપ સર્વે કચ્છી પ્રજાજનોને માત્ર એટલુ તો કરવાનોજ રહેશે કે તે દિવસે ઘર આંગણે તોરણ બંધાવી, રંગોલી તથા નવ વર્ષના વધામણના પતાકા લગાવી પોતાના ઘરને સજાવશો. સાંજના વધુમાં વધુ દિવા પ્રગટાવશો ઉમંગ અને ઉલ્લાસથી નવ વર્ષનું સ્વાગત કરશો.

આવો, અમો સર્વે કચ્છી ભાવીકજનો તન-મન-ધનના યોગદાનથી એક નવો ઇતિહાસ બનાવીએ.

આપણો કાર્યક્રમ સ્વર્ણીમ ગુજરાતના એક ભાગ રૂપે નોંધ પાત્ર બની જાય એ આપણો પ્રયત્ન હશે.

નિવેદક : **માઁ મહાકાલી ભક્તી મંડળ**ના ભાવિકજનો

(વિજ્ઞાપન સૌજન્ય : માતુશ્રી સોનબાઈ માણેકજી ઘેલાભાઈ લોડાયા પરિવાર)

(જા.ખ. F)

શુભ ॥ અનંત ચૌવિશી જીનહ નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

## (માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

સંલાલક : **હંસકુમાર રાયચંદ સાયલા**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫.

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા હોય છે. નકરો વ્યક્તી દિઠ ફક્ત રૂા. ૫૦/- છે તથા સંઘપતિનો નકરો રૂા. ૫૧૦૦/-. આ વ્યવસ્થાને નિયમીત રોજ માટે કરવા શ્રી સંઘ વિચારી રહેલ છે. તથા ટ્રાન્ટપોર્ટ રાલા સાથે એ મુજબની વારાધાર ચાલી રહેલ છે. આશા છે વેલી તકે આ બાબત નિર્ણય લઈ શકાશે.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રા સાથે-સાથે અન્ય બીજા તીર્થ યાત્રાઓનું કાર્યક્રમ નિયમીત કરવું એ શ્રીસંઘનું લક્ષ્ય છે. એના અનુસંધાનમાં દિ. ૧૯ તથા ૨૦ જુન ના શ્રી હ્રીંકાર તીર્થ યાત્રાનો આયોજન કરવામાં આવેલ છે. નકરો વ્યક્તી દિઠ ફક્ત રૂા. ૬૦૦/- રાખવામાં આવેલ છે. ૧૦ જુન ૨૦૧૦ સુધી નામો આપવાના છે.

સત્ કાર્ય માટે માધ્યમ શોધવાનું મનુષ્ય સ્વભાવ છે. અને જાણે હૈદરાબાદ સિકંદરાબાદ વાસીઓને આ માધ્યમ મલી મપુ છે. શ્રી સંઘમાં સેવા આપવાનું તથા દાન આપવા બાબત વિવિધ ઑફર આવી રહયા છે. ગુરૂ ભગવંતોના શુભ આશીર્વાદ શ્રી સંઘ પ્રાપ્ત કરી રહેલ છે. યાત્રાથી સંતુષ્ટ થએલ યાત્રીઓના દિલના ઉમંગે દુઆઓના શબ્દ સાંભવીને શ્રી સંઘ ધન્ય-ધન્ય બની જાય છે.

માતુ ઋણ ચુકવવાના એક પ્રયત્ન રૂપે કારવાન સ્થીત દાદાવાડીના વૃધ્ધાશ્રમમાં એક ટક ભોજનની કાયમી તિથી પ્રાપ્ત થયેલ છે.

**માતુશ્રી દેવકાબેન વિરપાર નરશી લોડાયા**, કચ્છ-બાંઢીયા, હૈદરાબાદ (અક્ષય તૃતીયા)
ના જન્મ જયંતી નિમિત્તે
હસ્તે : **લાડલી દિકરી મમતા (તારા) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા** (મોટા લાયજા-મુંબઈ)
**ની માતૃ વંદના**

ગોશાળા માટે માતુશ્રી પાનબાઈ ગાંગજી હેમરાજ (કોડાય-કચ્છ) મુંબઈ તરફથી રૂા. ૫૦૧/-નું અનુદાન પ્રાપ્ત થયેલ છે. પ્રાપ્ત થએલ ધન ભાવી દાતાઓના પ્રેરણાનું સ્ત્રોત્ર બની રહેશે.

(જા.ખ. F-2190)

વિજ્ઞાપન સૌજન્ય : **મુમુક્ષુ પરિવાર માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ. હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા**

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪ | લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !! | ફોન : ૨૪૭૫૫૩૩૧
૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર



**(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)**

**યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫**

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૭) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગાના નવા કલાસ દર મહિનાના સોમવાર શરૂ થશે.

**અદભૂત - અકસીર-અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

**સંપૂર્ણ આરોગ્યામૃતમ્**
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

**સૌદર્યામૃતમ્**
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે...

**ઉદરામૃતમ્**
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

**દંતામૃતમ્**
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

**કેશામૃતમ્**
સુંદર-લાંબા, દ્રઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

**અમૃત તૈલમ્**
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

**ચ્યવન પ્રાશાવલેહ**
શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, કાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

**મનસામૃતમ્**
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

**સંપૂર્ણ શ્વાસનામૃતમ્**
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

**(Mg. Dir. ડૉ. પ્રવીણ કાપડિયા (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)**

**યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪**

**મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.**

**સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦**

**દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે.** (જા.ખ. F-1160)